# નિવેદન

બી. એ. ના અભ્યાસ દરમિયાન એમ. ફિલ. તથા પીએચ. ડી. ના અભ્યાસ વિશે ઘણું સાંભળેલું. એમાં શું ભણવાનું કે કરવાનું હોય એની બિલકુલ ગતાગમ ન હતી, છતાં એમ. ફિલ. અને પીએચ. ડી. નો અભ્યાસ કરવાનો મનમાં સંકલ્પ કર્યો હતો. કહેવાય છેને કે તમે ખરા હૃદયથી કોઈ કામ કરવા ધારો તો જરૂર પૂરું થાય! મારો એ સંકલ્પ આજે ફળીભૂત થવા જઈ રહ્યો છે, એનો અનેરો આનંદ છે.

એમ. એસ. યુનિવર્સિટીમાં એમ. ફિલ. નો અભ્યાસ થતો ન હોવાથી મારે ગુજરાતી વિભાગ છોડવો પડ્યો હતો. ત્યારે મનમાં થયેલું કે શું ગુજરાતી વિભાગ સાથેનો મારો સંબંધ આટલો જ હતો. પણ ભાવનગરમાં એમ. ફિલ. નો અભ્યાસ પૂર્ણ કરી હું પાછો વડોદરા આવ્યો. એમ. એ. ની પરીક્ષા પૂરી કરીને તરત જ યુજીસી નેટની પરીક્ષા આપી હતી. એમ. ફિલ. ના અભ્યાસ દરમિયાન એનું પરિણામ જાહેર થયું. એમાં પ્રથમ પ્રયત્ને જે. આર. એફ. સાથે પાસ થયો. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડાના ગુજરાતી વિભાગના પ્રૉ. રાજેશ પંડ્યાને મળ્યો. એમની સાથે શોધનિબંધના વિષય અંગે ઘણી ચર્ચા કરી. મને કથાસાહિત્ય ને એમાં પણ નવલકથાઓમાં વિશેષ રસ હતો એટલે એમણે "ગોવર્ધનરામ ત્રિપાઠીકૃત 'સરસ્વતીચંદ્ર'નાં વિવેચનો : સમીક્ષાત્મક અભ્યાસ" વિષય ઉપર કામ કરવા કહ્યું. ધીરે ધીરે મારા માર્ગદર્શક, અન્ય અધ્યાપકો તથા સંશોધક મિત્રોના સહયોગથી મારું સંશોધન કાર્ય શરૂ થયું. વિષય ગમતો મળ્યો હતો અને પ્રપોઝલ વખતે જ ઘણી સામગ્રી એકઠી કરી હતી. છતા હંસા મહેતા લાઈબ્રેરીમાં શરૂઆતનાં ત્રણ મહિના રોજ સવારે ૧૦ થી ૫ સુધી વિષયને અનુરૂપ વિવેચનલેખો એકત્રિત કરવા લાગ્યો. એ પછી પણ અન્ય લાઈબ્રેરી અને સંસ્થાઓમાં જઈ, જરૂરી પુસ્તકો, સામયિકો, ઝેરોક્ષ મેળવી. ને એમ શોધખોળની સાથે સાથે સંશોધન કાર્ય પણ ચાલતું રહ્યું.

ગુજરાતીમાં કહેવત છે, 'ઝાઝા હાથ રળિયામણા' તે પ્રમાણે કોઈ પણ કાર્ય એકલા હાથે પૂર્ણ થઈ શકે નહીં. દરેક કાર્યની સફળતા પાછળ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પણ ઘણાં લોકોનો ફાળો રહેલો હોય છે. એ રીતે મારા શોધનિબંધના આ કાર્ય પાછળ પણ ગુરુઓ, મિત્રો અને સ્નેહીઓનો સાથ-સહકાર રહેલો છે. આ શોધનિબંધના વિષય પસંદગીથી લઈને આ કાર્યમાં જ્યારે પણ મૂંઝવણ

અનુભવી ત્યારે મને મારા માર્ગદર્શક, ગુરુજનો, સિનિયર વિદ્યાર્થીમિત્રોએ જે સ્નેહ અને પ્રોત્સાહન આપ્યું છે, તે કારણે જ હું મારા આ કાર્યમાં સફળ થઈ શક્યો છું, તેનો મને આનંદ છે.

મારા માર્ગદર્શક પ્રૉ૰ રાજેશ પંડ્યાએ હું જ્યાં જ્યાં અટક્યો ત્યાં ત્યાં મને હંમેશા યોગ્ય માર્ગદર્શન ને સલાહ-સૂચનો આપ્યાં. મારે જ્યારે જરૂર પડે ત્યારે એમનું કામ પડતુ મૂકે. કોરોનાના કપરા સમયમાં પ્રત્યક્ષ ન મળાય, તો ફોન પર જરૂરી માર્ગદર્શન આપે. એટલે એમનું ઋણ આભાર માનીને ક્યારેય ચૂકવી શકાશે નહીં. છતાં સામાજિક વ્યવહારની શાખે એમનું ઋણ સ્વીકારું છું અને કહું છું કે સદાય અભારી રહીશ. ગુજરાતી વિભાગના અન્ય અધ્યાપકોએ પણ જ્યારે જે પુસ્તક જોઈએ કે માહિતી જોઈએ ત્યારે ઉમળકાભેર મને મદદરૂપ થાય. ડૉ૰ભરત પંડ્યાનો પણ વિશેષ આભાર માનવો ઘટે. તેઓ હંમેશા સમયનો સદ્ઉપયોગ કરવા કહે. તદ્ઉપરાંત પ્રૉ૰ભરત મહેતા, પ્રૉ૰પુંડલિક પવાર, ડૉ૰ દર્શિની દાદાવાલા, પ્રા૰ શકીલ કાદરી, પ્રૉ૰ નીતા ભગત, પ્રૉ૰ જયેશ ભોગાયતા, પ્રૉ૰ દીપક રાવલ, ડૉ૰ કાંતિલાલ માલસતર કે જેઓએ રાત-દિવસ જોયા વગર મૂંઝવણભરી દરેક સ્થિતિમાં મારી પડખે ઊભા રહી જે પ્રેરણા અને પ્રોત્સાહન આપ્યું છે, તેથી આ દરેક ગુરુજનોનો હું આ ક્ષણે આભારી છું. ભાવનગર યુનિવર્સિટીના પ્રૉ૰ મહેન્દ્રસિંહ પરમારને પણ હું વિશેષ યાદ કરીશ, કેમકે આ શોધનિબંધના વિષય અંગે મૂળ એમનો નિર્દેશ હતો.

શોધનિબંધની પ્રપોઝલ તૈયાર કરી આપવા માટે ડૉ૰ હેમંત પરમાર, ગિરીશ મકવાણા અને પ્રકાશ પરમારનો પણ આભારી છું. સંશોધન કાર્ય માટે જોઈતી સંદર્ભ સામગ્રી મેળવવામાં મદદરૂપ થનાર તથા મને ગુજરાતીમાં ટાઈપિંગ વખતે પડતી દરેક મુશ્કેલી વખતે અડધી રાતે પણ જેની ઊંઘ બગાડી છે એવા ડૉ૰ દિલીપ ધોરિયાનો હૃદયપૂર્વક આભાર માનું છું. તથા અન્ય મિત્રો ડૉ૰ રાજેન્દ્ર બાંભણિયા, ડૉ૰ જિજ્ઞાબા રાણા, ડૉ૰ મનાલી જોષી, રાજેન્દ્ર પરમાર, કનુ પરમાર, યોગેશ પટેલ, વિનોદ ગવળી, જિજ્ઞેશ ગામીત, માનસી જયસ્વાલ, મયૂર શિંદે, સંતોષ ભાલિયા, ભૂમિ પ્રજાપતિ પણ મારા સંશોધન કાર્યના સાક્ષી રહ્યાં છે. હંસા મહેતા લાઈબ્રેરીના જીતુભાઈને પણ આ તકે ખાસ યાદ કરવા રહ્યા. લાઈબ્રેરીમાં કોઈ પણ પુસ્તક ન મળે એટલે એમને કહું, એટલે તેઓ ગમે તે ખૂણે-ખાંચરે સંતાયેલાં પુસ્તક મેળવી આપે. ઉપરાંત વિભાગના પ્યૂન જાગૃતિબેન બારોટનો પણ આભારી છું. કારણ કે વિભાગનો સમય પૂરો થઈ ગયો હોય અને એમને ઘરે જવાની ઉતાવળ હોય છતાં ઘણીવાર મારા માટે તેઓ રોકાયા છે ને એ રીતે તેઓ કામ કરવામાં મદદરૂપ થયાં છે.

મને આ સ્થાને પહોંચાડનાર મારા પરિવારને હું આ ક્ષણે જરૂર યાદ કરીશ. મારા માતા-પિતાને હંમેશાં મારી ચિંતા રહેતી. એમની એક જ ઇચ્છા હતી કે હું ભણીગણીને સારા હોદ્દા પર નોકરી

કરું. એ માટે મારી તમામ જરૂરિયાતો પૂર્ણ કરનાર માતા-પિતાનો હું સદૈવ ઋણી રહીશ. મારી બંને બહેનો પણ મારા સંશોધન કાર્યની સાક્ષી રહી છે. મારી પત્ની સૂચિએ પણ મૂંઝવણભરી દરેક ક્ષણે પ્રોત્સાહન પૂરું પાડ્યું છે, જ્યારે પણ સંશોધનનો ભાર મન મસ્તિષ્ક પર ચડતો ત્યારે એણે સાથ આપ્યો છે. એથી એનો પણ સ્નેહપૂર્વક આભાર માનું છું. મારી વ્હાલસોયી દિકરી હિયાના નિર્દોષ હાસ્યે મને શાંતિ આપી છે, એને કેમ વિસરાય!

આજે કોરોનાની વિકટ પરિસ્થિએ સમગ્ર માનવ-જીવનને ધમરોળી નાંખ્યું છે. કોરોનાને કારણે જ ભારત સરકારે સમગ્ર દેશમાં લગભગ ત્રણ મહિના લોકડાઉન કર્યું અને મેં આફતને અવસરમાં પલટીને એ સમય દરમિયાન બીજુ બધુ જ ભૂલી જઈ, માત્ર ને માત્ર સંશોધન પર જ ધ્યાન કેન્દ્રિત કર્યું. ને એના પરિપાકરૂપે આજે સંશોધન કાર્ય પૂર્ણ કરી શક્યો. જોકે આ શોધનિબંધ મારા સંશોધનનું પહેલું પગથિયું છે. સંશોધનની અનેક ક્ષિતિજો હજૂ રાહ જોઈ રહી છે.

સૌનો આભાર.

રાઘવ એચ૰ ભરવાડ સાત એક બેહજારએકવીસ વડોદરા

"જો ટીકા કરનાર ન હોત તો ગ્રંથ સમજાત નહીં, ગુણ દોષ માલુમ પડત નહીં, ગ્રંથકાર છકી જાત; ને પછી સારા ગ્રંથ લખત નહીં, અને લોકમાં અનાચાર થાત. પોતાનાથી પૂર્વે થયલા ગ્રંથકારોના દોષ ગુણ જાણ્યાનો ફાયદો કોઈ ગ્રંથકાર લેતો નથી એમ તો કદી માનવામાં આવનાર જ નહીં. ટીકા કરવાની મુખ્ય મતલબ એ કે સારું નરસું બતાવવું અને તેમાં વિશેષ નરસું બતાવવું, કે જે જલદીથી દૂર કરવું જરૂરનું છે. જાંહાં વિદ્યા તાંહાં વાદ છે જ અને તેમાં ટીકા થયા વગર રેહેતી જ નથી, જેથી લોકને અમૂલ્ય લાભ થાય છે."

•

**નર્મદ**

“જ્યારે મેં આ કથાનો પહેલો ભાગ પ્રસિદ્ધ કર્યો ત્યારે ગુજરાતી વાચકવર્ગ બહુ પછાત હતો અને તેથી મારા વિચાર પ્રસિદ્ધ કરવા મને ફક્ત એક જ રસ્તો સૂઝયો; તે વિચારો એક નવલકથાના રૂપમાં, દરેક પાછળનો ભાગ આગળના કરતાં ઓછો સરળ, એવા જુદા જુદા ભાગ પાડી, વાચકની સમક્ષ મૂકવા, કે જેથી તેઓ કઠિનતામાં વધતો જતો દરેક પાછલો ભાગ તેના આગળના ભાગના કુદરતી પરિણામ તરીકે સ્વીકારતા જાય. મને લાગે છે કે જેમ જેમ દરેક ભાગ બહાર પડતો ગયો તેમ તેમ ઈશ્વર વાચકવર્ગમાં ઉચ્ચ ભાવ મૂકતો ગયો, અને હવે ગુજરાતમાં સાધારણ સ્ત્રીપુરુષો પણ મારા પુસ્તકનો ચોથો ભાગ સુધ્ધાં ઘણા રસથી વાંચી જાય છે. મારા વાચકવર્ગના વિચાર અને ભાવનાઓમાં ઘણો મોટો ફેરફાર થઈ ગયો છે; અને નવા લેખકો મારા પુસ્તકોનું અનુકરણ કરે છે, એટલું જ નહિ પરંતુ તેમાંથી અપહરણ પણ કરે છે. આ પરિણામની મેં સ્વપ્ને પણ આશા રાખેલી નહિ.”

•

**ગોવર્ધનરામ ત્રિપાઠી**